# મહાનુભાવો દ્વારા વિદ્યાર્થીઓને કારકિર્દીલક્ષી માર્ગદર્શન

**તા. ૨૦/૦૩/૨૦૨૫ : મા.શ્રી ઋષિભાઇ દવે (ડાયરેક્ટરશ્રી, ચેનલ નર્મદા, ભરૂચ.)**




આજ રોજ શક્તિનાથ વિસ્તાર ભરૂચમાં આવેલી નારાયણ વિદ્યાલય ભરૂચમાં શાળાના ધો - ૧૧ કોમર્સ/સાયન્સ (ગુ.મા./અં.મા.) ના વિદ્યાર્થીઓને કારકિર્દીલક્ષી માર્ગદર્શન મળે, તેઓ જીવનમાં પોતાનું સારુ કેરિયર બનાવી શકે એ હેતુથી શાળામાં મોટીવેશનલ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મા. શ્રી ઋષિભાઇ દવે (ડાયરેક્ટરશ્રી,ચેનલ નર્મદા, ભરૂચ.) દ્વારા બાળકોને મુંબઇ ડબ્બાવાલા ટિફિન સેવાનો વિડીયો બતાવી પ્રેરણાત્મક વક્તવ્ય આપ્યું હતું. બાળકોએ વિડીયો જોઇ તેના પોઝિટીવ મુદ્દાઓ નોંધી ચર્ચા કરી હતી.સાથે શાળાના ડાયરેક્ટર મા.શ્રી ડૉ.ભગુભાઇ પ્રજાપતિએ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જેમણે સફળતાની ઊંચાઇને પ્રાપ્ત કરી શ્રેષ્ઠ કેરિયર બનાવ્યું છે તેમના ઉદાહરણો રજૂ કરી વિદ્યાર્થીઓને મોટીવેટ કર્યા હતા.

**તા : ૨૧/૦૪/૨૫ : મા.શ્રી ચીમનભાઇ પરમાર (જિલ્લામાં શ્રેષ્ઠ એવોર્ડ પ્રાપ્ત કરનાર શિક્ષક)**



નારાયણ વિદ્યાલયમાં ધો. ૧૧/૧૨ કોમર્સ ગુ.મા. અને અં.મા.ના વિદ્યાર્થીઓ સમક્ષ માધ્યમિક વિભાગના અંગ્રેજી વિષયના જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ પ્રાપ્ત કરનાર શ્રી ચીમનભાઇ પરમાર દ્વારા આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને સોશિયલ મીડિયાને ધ્યાનમાં રાખીને તેઆ દ્વારા વિદ્યાર્થીઓને જીવનમાં અને શિક્ષણમાં આધ્યાત્મિકતા કેળવવા માટેનું પ્રેરણાદાયી વકતવ્ય આપવામાં આવ્યું હતું.

**તા. ૦૪/૦૬/૨૦૨૫ : Mr. Atanu Karmokar [Fitness Director of Carnival Cruise Line]**



Mr. Atanu Karmokar કે જેમણે શિક્ષણ ક્ષેત્રે નિષ્ફળતા મેળવી છતાં પણ હાર માની નહી અને ટૂંકા સમયનો વ્યવસાયી કોર્સ [Fitness Training ] કરી આજે સફળતાની ઊંચાઇ હાંસલ કરી છે.આ સફળતા મેળવવા માટે એમના જીવનમાં ઘણા ઉતાર ચઢાવ આવ્યા.તેમજ અમુક સમયે માનસિક રીતે અસ્વસ્થ પણ અનુભવતા હતાં.પરંતુ શાળાનાં ડાયરેકટર મા.શ્રી ડો.ભગુભાઇ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ ફરી Cruise Line માં આગળ વધવા માટે ઇન્ટરવ્યૂનો સામનો કર્યો.જેથી ઇન્ટરવ્યૂમાં પાસ થયા બાદ ઊંચા પગાર સાથે ૬ મહિનાનો Cruise નો કોન્ટ્રાકટ મળ્યો.

એમના જીવનની ઉપરોકત ચર્ચા કરતાં જણાવ્યું કે વિદ્યાર્થીઓએ નિષ્ફળતા મળવાથી કયારેય હાર માનવી નહિ, Cruise Line માં Fitness Training સિવાય બીજી ઘણી બધી ફિલ્ડમાં આગળ વધી શકાય.જેથી નાની ઉંમરે પણ સફળતાની ઊંચાઇ પ્રાપ્ત કરી શકાય.જે એમના વ્યકિતત્વથી સ્પષ્ટ થાય છે.

**તા. ૧૭/૦૬/૨૦૨૫ : Mr. Nimesh Shah(Master of Accountancy Subject)**



Mr. Nimesh Shah કે જેઓ ભરૂચ શહેરમાં અકાઉન્ટ વિષયના નિષ્ણાંત અને નામાંકિત વ્યકિત તરીકેની પ્રતિષ્ઠા ધરાવે છે. જેમણે ૨૦ વર્ષ સુધી શાંતિ વિદ્યાલય,ભરૂચમાં અકાઉન્ટ વિષયના શિક્ષક તરીકેની ફરજ નિભાવી હતી.તેમણે વિદ્યાર્થીઓને અકાઉન્ટ વિષય અંગે માર્ગદર્શન આપતા જણાવ્યું કે ધો.૧૧ અને ૧૨એ કોમર્સ ક્ષેત્રનો પાયો છે.જેના પર વિદ્યાર્થીની કારકિર્દી નિર્ભર છે.આ ઉપરાંત વિદ્યાર્થીઓને અકાઉન્ટ વિષયના પારિભાષિક શબ્દો,ભાગીદારી પેઢીનું વિસર્જન,શેરમૂડીના વ્યવહારો અને નાણાકીય હિસાબી પત્રકો જેવા મુખ્ય ચેપ્ટર અંગે સચોટ માર્ગદર્શન આપ્યું.વિશેષમાં તેમણે જણાવ્યુ કે ધો ૧૨ માં એકાઉન્ટ વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ કઇ રીતે મેળવી શકાય? એ માટે વિદ્યાર્થીઓને ધો -૧૨ની શરૂઆતથી જ વાંચન માટે સમય પત્રક બનાવી અનુસરવાનું જણાવ્યું.

**તા. ૨/૦૮/૨૦૨૫ : C.A. Hima Patel (M.Com, L.L.M)**



C.A Hima Patel એ પોતાના જીવન પ્રસંગો વાગોળતા જણાવ્યું કે વિદ્યાર્થીઓએ ધો ૧૨ પછી શું કરવું?એ લક્ષ્ય હમણાંથી જ નકકી કરી દેવુ જોઇએ. જેથી લક્ષ્ય આધારિત ફીલ્ડ અંગે માહિતી મેળવી ભાવિ સ્પષ્ટ કરી શકાય.તેમણે જણાવ્યુ કે MBBS ની ડિગ્રી હોય તો જ ડોકટર બની શકાય છે. પરંતુ C.A ની Final Exam Pass કરી ન હોય તો પણ Business start up કરી શકાય. C.A એ એવો Professional Course છે કે જે ઓછા ખર્ચે અને સખત પરિશ્રમે વધુ આવક મેળવી આપે છે.આજના સમયમાં દરેક વ્યવસાયિક ક્ષેત્રે હિસાબો ઓડિટ કરવા માટે C.Aની માંગ વધતી જ જાય છે.માટે કોમર્સના વિદ્યાર્થીઓએ C.A. નાં કોર્સને વધુ પ્રધાન્ય આપવુ જોઇએ.